





એમના 'હું'કાર સામે બધા વાદ ધોવાઇ ગયા!
એના પડકાર સામે ભલભલા ખોવાઇ ગયા!
છવાઇ ગયા 'એકલવીર' 'હું-સરકાર-' બની,
લલકાર હતો જેની વાણીમાં, એ રોવાઇ ગયા!
(થ્રી-ડી-અભિનંદન)




રસ્તા નાં રોળાં
મોદી' ટાયર નીચે
કચડાઇ ગ્યાં!

ન દિશા મળી,
બદલી નહિ દિશા,
'ફેંકુ' એ ફેંક્યા!

## ચિંતન

**મક્ષિકા મશકો વેશ્યા મૂષકો યાચક સ્તથા ।**
**ગ્રામીણી ગણકશ્ચૈવ સપ્તૈતે પરભક્ષકાઃ ॥**

માખી, મચ્છર, વેશ્યા, ઉંદર અને યાચક, જોશી તથા ગામનો મુખી (નેતા) આ સાત જણા પરિશ્રમ કર્યા વિના બીજાની મહેનતનું જ ખાય છે.

કેટલાક લોકોના સ્વભાવમાં, લોહીમાં જ વગર મહેનતનું, મફતનું, બે નંબરી, છળ કપટથી દગાબાજી કે ખંડણી-અપહરણ કરી ધન-સમૃધ્ધિ એકત્ર કરવાની ટેવ-સ્વભાવ-શોખ થઇ જાય છે.

કરોડોની સમૃધ્ધિ હોય છતાં 'બાપુ' એકના બમણાની બાજી રહે છે ને? નેતાઓ-પ્રધાનો પાસે સાત-સાત પેઢી ખાય એટલું ધન-સમૃધ્ધિ હોય છતાં સંતોષ કયાં થાય છે?

લોકોને પરિશ્રમ દ્વારા મળતાં 'પગાર'માં રસ નથી. તરત પૂછે બીજું, આડી આવક ખરી?! અહીં ગામનો મુખી તો પ્રતીક તરીકે લીધો છે બાકી 'ચૂંટણી' ઊભી કરોડોના ખર્ચા કરનારા કંઇ 'સેવા' માટે પ્રચાર-પડાપડી કરે છે?

એમના લોહીમાં તો પેલી માખી-મચ્છરની બીજાનું - બીજાંએ પોતાના પરિશ્રમથી એકઠું કરેલું 'લોહી' ચૂસી જવાની વૃત્તિ જ હોય છે. વેશ્યા પણ આવનાર ગ્રાહક પાસેથી કેમ વધારે પડાવી લેવું એવું જ વિચારે છે.

ખણખોદ કરી બીજાનું કાતરી લેવું એ વૃત્તિ ને 'ઉંદરવૃત્તિ' કહેવામાં આવે છે વેચટિયા વચ્ચેથી ખાઇ જાય એ ઉંદર છે.

## સુવિચાર

- મૈત્રીને ધીમે ધીમે ઉચ્ચતાના શિખરે પહોંચવા દો જો ઉતાવળ કરશો તો થાકી જશે- **ક્રોમવેલ**
- મિત્ર માટે 'જીવનદાન' આપવું તો સરળ છે પણ એવી લાયકાતવાળો મિત્ર શોધવો મુશ્કેલ છે - **હોમર**
- જેને અનેક મિત્રો હોય કે રોજ મિત્રો બદલતો રહે એ વ્યક્તિની મૈત્રીથી દૂર રહો- **મિશેલ**
- કોઇ મિત્ર કે દુશ્મન આપોઆપ બનતા નથી, આપણો પોતાનો વ્યવહાર જ એના માટે જવાબદાર છે - **ચાણક્ય**
- મિત્રના ઉપકાર સદાય યાદ રાખે અને પોતે મિત્ર પર કરેલા ઉપકાર ભૂલી જાય એ મૈત્રી ટકાવાનો પાયો છે - **ડ્યૂમાજ**
- જેમાં કોઇ જ દોષ હોય એવો મિત્ર શોધવાની મથામણમાં રહેશો તો જીવનમાં અંત સુધી સફળતા નહીં મળે - **રોશન ખાન**
- મિત્રની પ્રશંસા પાંચ માણસ વચ્ચે કરો પણ તેના દોષ તો એને એકાંતમાં જ બતાવો - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

મા નો પ્રેમ અદ્ભત હોય છે બાળક તરફથી લાગણીને કારણે તેની ખોટી ટેવો, ખોટી માગણી, અભ્યાસમાં આળશને કારણે એ ગુસ્સો કરે પણ તદ્દન ઉપર-છલો હૃદયમાં તો ભારોભાર પ્રેમ જ ઉભરાતો હોય, બાળક પણ મા નો કૃત્રિમ ગુસ્સો સમજતો જ હોય છે અને પોતાના પ્રેમાળ નખરાંથી માને પલાળી પણ નાખે છે.

એક બાળકની માતા બચપણમાં ગુજરી ગઇ. પિતાએ પુનર્લગ્ન કર્યાં. બાળક નવી મા સાથે 'એડજસ્ટ' થવા પ્રયત્ન કરતું હતું. પિતાને પણ બાળક બાબતે થોડી ઘણી ચિંતા રહેતી હતી. એક રવિવારની બપોરે ફુરસદમાં પિતાએ બાળકનું મન જાણવા પૂછ્યું.

બેટા! આ નવી મા સારી લાગે છે કે જૂની મા સારી હતી? પુત્રએ આસપાસ જોયું. નવી મા દૂર રસોડામાં વ્યસ્ત હતી.

પુત્રએ આંખમાં ઝાકળ બિંદુ ભરી, ધીમે અને ગદ્ગદ્ અવાજે કહ્યું, જૂની મા ગુસ્સો કરીને પણ પોતાના બોલવા પર કદી મક્કમ રહી શકતી નહીં. પણ નવી મા તો જે બોલે તેનો મક્કમ પણે અમલ પણ કરે છે. પિતાને જવાબ સમજાયો નહીં એટલે ફરી પૂછ્યું, એ કેવી રીતે?

બાળક કહે જૂની મા બપોરે ગુસ્સામાં કહે આજે તારૂં રાતનું જમવાનું બંધ, પણ પછી રાત્રે હાથપકડી, જાતે જ જમાડે - પણ નવી મા તો આ બાબતે મક્કમ જ રહે છે..

પિતાને તફાવત સ્પષ્ટ સમજાઇ ગયો.

# જો આજે ગાંધીનગરનો છેલ્લો દિવસ હોય તો...અ થ્રીલ ઑન રાઈડ

## કૉફી હાઉસ
**- ઉત્સવ પરમાર**

ઊઠી ગયા? બ્રશ કર્યું? ચા પીધી? છાપુ તો હાથમાં જ છે, તારીખ વાંચી? કે પછી ચૂંટણીનાં પરિણામોનું રાજકીય વિશ્લેષણ કરવામાં જ ખોવાઈ ગયા છો? આજે ૨૧ ડિસેમ્બર, ૨૦૧૨ - શુક્રવાર... કયામત કા દિન, ડુમ્સ ડે, આખરી ફૈસલા, ધરતીનો અંત...! શક્ય છે આ કૉલમ તમે વાંચતો હો ત્યાં જ અચાનક ધરતીકંપ આવી જાય અને આ તમારો જીવનનો અંતિમ લેખ પણ હોઈ શકે. શક્ય છે આજની ''ગાંધીનગર સમાચાર''ની આ અંતિમ આવૃત્તિ હોય, કદાચ આજ સાંજ સુધીમાં આવતીકાલની ખબરો છાપવા કોઈ પ્રેસ બચી જ ના હોય !! અને હું ગાં.સ. નો અંતિમ કૉલમિસ્ટ બનીને આવતીકાલે બચેલા જૂજ - કમનસીબ બનીને ઈતિહાસનો નાનકડો ભાગ બની જાઉં... કુછ બી હો સકતા હૈ... કુછ ભી!!

વૅલ, મૉર્ડન ડે, મિસબિલિવ્ઝમાં છેલ્લાં કેટલાંક સમયથી ગરજી રહેલી તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ તમારા કેલેન્ડર અને ઘડિયાલની અંદર સુધી પેસી ગઈ છે. વિનાશ, ડિસ્ટ્રકશન, એન ઍપોકેલિપ્સ એક ભયાનક કલ્પના ખાતે શિડયૂલ ફિક્સ કરીને બેઠી છે - કોઈ એક સંસ્કૃતિનાં કેલેન્ડરની ગણતરીનાં અંતને દુનિયાનો જ અંત માની લેવાની કેટોસ્ટ્રોફિક થ્રીલ દુનિયાભરમાં સ્વબુધ્ધિજીવીઓથી માંડીને પરબુધ્ધિજીવીઓ સુધીએ લીધી. અને જેની કલ્પનાશક્તિનાં નામે એક મહાશૂન્ય હતું, ત્યાં પણ સપનામાં રચી શકાય એવાં તોફાની - ઉત્માદી દશ્યો ભરી આવવાનું કામ પોતાની ફિલ્મોમાં ફક્ત વિનાશ બતાવવા ડિરેકટર રોનાલ્ડ એમરીખ એ '૨૦૧૨' નામની ફિલ્મ બનાવીને કરી નાંખ્યું.

અંતની કલ્પનામાં એક ક્રૂર આનંદ છે. વિનાશનાં - વિખંડનાં - ધ્વંસનાં દશ્યોની કલ્પનામાં ન્યૂરોન્સ એકસાઈટેડ થઈ જાય છે... હિંસા એ દબાયેલો ગુણ છે - અને હવે તદ્દન અપ્રાકૃતિક સ્વરૂપોમાં ફેલાઈ રહ્યો છે. સર્જનની કલ્પના કદી એકસાઈટમેન્ટ નથી આપતી, હા પણ સર્જનની પ્રક્રિયા-પ્રોસેસ એક ઠંડી શાંતિ - અદ્ભૂત આનંદ આપે છે. તોડફોડ પ્રત્યેનો આપણો છૂપો લગાવ જ અંતની કલ્પનાઓને જાણે ઈલેકટ્રીકલી ચાર્જ કરે છે... બૂમ!!



યારો - ચૂંટણીનાં સમાચારો વાંચીને થાક્યા હો, રાજકારણમાં રસ ના હોય અને અમારી સાથે ટાઈમ પાસ કરવા નવરાં હો તો જરાક ચા નો એક સબડકો લગાવો અને તૈયાર થઈ જાઓ - વિનાશની કલ્પના માટે, શરૂ કરીએ? બી રેડી.

**Date : 22 December, 2012**
**Local Time : 06 : 42 hrs 1st**
**Lacation : 23.22°N, 72.68°E**
**City : Gandhinagar**
**Temperator : 48.4°C**

મોડી રાત સુધી ટી.વી. પર સમાચારોની ચૂંટણીની ચટણી ચાટીને પલંગ પર પહોળા થઈને સૂતા છો. રજાઈ નીચે પડી ગઈ છે. સવારનાં પોણા સાતનું અજવાળું હજું હેરાન કરે એવું નથી. તમે જાગો છો પણ સૂતા છો. અચાનક તમારી આંખ ખૂલે છે. તમે મોબાઈલ હાથમાં લીધો, બેટરી ઓછી છે. નેટવર્ક ઝીરો છે અને તારીખ છે ૨૨ ડિસેમ્બર, ૨૦૧૨. ઓ ત્તારી!! તમે ૨૦ ડિસેમ્બરની રાત્રે સૂતેલાને ૨૨મીની સવારે જ સીધાં જાગ્યા.

તમને યાદ આવ્યું કે ઠંડીનાં દિવસોમાં રાત્રે ઊંઘ ના આવવાની સમસ્યાથી પરેશાન થઈને તમે ઊંઘની ગોળીઓ લીધી હતી અને થોડાંક મિલીગ્રામનાં ઑવર ડૉઝને લીધે એક આખો દિવસ વીતી ગયો, તેનો તમને ખ્યાલ જ ના રહ્યો. તમારૂં ઘર હજી એમ જ છે - વાસણો ગોઠવાયેલાં છે, કબાટ વ્યવસ્થિત બંધ છે, ટી.વી.નું રિમોટ પણ ત્યાં જ છે - આળસ મરડીને ઊભા થયા, પગની આંગળીઓ થોડી હલાવી અને દૂધ લેવા માટે દરવાજો ખોલ્યો. અને તમારી આંખો ફાટી ગઈ!! ઑહ માય ગોડ! જબરદસ્ત તકડો સવારનાં ૭ : ૧૦ એ પડી રહ્યો હતો અને તમારા સિવાય આસપાસની તમામ ભૂગોળ બદલાઈ ચૂકી હતી. તમે આફતમાં બચી જનારા કેટલાંક 'બદનસીબ' માણસોમાંથી છો. તમે સમજવા કોશિશ કરી રહ્યા હો છો કે આ શું થઈ રહ્યું છે, ત્યાં કેટલાંક આફ્રિકન ઝરખ તમારી સામે ઘૂરકીયા કાઢતા ઊભા છે - એમની આંખોની ભૂખનું પૂર્ણવિરામ તમારા અસ્તિત્વનો પ્રશ્નાર્થ બનીને ઊભો છે. તમે ફટાફટ ઘરમાં ગયા - રૂમાલનો એક ટુકડો એક જૂના દંડા સાથે બાંધ્યો એની નાનકડી મશાલ બનાવી ઝરખોને ત્યાંથી બહાદુરી પૂર્વક ભગાડ્યાં. તમને મન થઈ ગયું કોઈ શાબાશી આપે, પણ કોઈ માણસ હતા નહીં જોનારા તમે તમારા આસપાસનાં તૂટેલાં, સળગેલા ઘરો જુઓ છો. બધું જ તમારી સમજણની બહાર છે. બહાર પડેલી તમારી બાઈક સહી સલામત છે. તમે દોડીને અંદર ગયા અને બાઈક સ્ટાર્ટ કર્યું અને સીધાં નીકળ્યા ઘ-રોડ પર!! ઈન્ફોસિટી આખું પડી ગયું હતું - આગળનો હિસ્સો જમીનમાં એટલે ઊંડે સુધી ધસી ગયો છે કે તમને વિશ્વાસ નથી આવતો કે બે દિવસ પહેલાં જ તમે બપોરે ઓફિસથી લન્ચ માટે ત્યાં ગયા હતા. અને બિલમાં બે ગ્લાસ છાશનાં પૈસા ગણાવવામાં ભૂલી જવાયા હોવાથી તમે ખુશ થતાં - પેલાંને યાદ આવે એ પહેલાં જ બાઈકની કીક મારીને ભાગ્યાં હતાં. તમને દુઃખ થયું - પણ તમે આગળ વધ્યાં. સેકટર-૩એ (ન્યૂ)માંથી ધુમાડો જ ધુમાડો દેખાયો - ટાયર બળવાની વાંસ આવતી હોય એવો - તમને ગૂંગળામણ થઈ અને તમે ફટાફટ આગળ વધી ગયા - જેમ જેમ સમય વધી રહ્યો છે, તેમ તેમ આકાશનો રંગ સતત બદલાઈ રહ્યો છે કારણ કે હવામાં વિખરાયેલાં કણો ચોક્કસ તરંગ લંબાઈના કિરણોનું પ્રકીર્ણન (Scwtlering) નથી કરી રહ્યા - તમને ડર લાગી રહ્યો છે પણ તમે બાઈક જવા દો છો - વાહનો આડાઅવડા પડ્યા છે અને તમે સેકટર ૬નાં મેદાન પાસેનાં રસ્તે પસાર થાઓ છો અને એકમોટી વ્હેલનું શબ ત્યાં તરફડી રહ્યું છે - અને બીજી તરફ સેકટર-૭માં વાદળ ફાટે. એવાં કડાકાઓ સંભળાઈ રહ્યાં છે, સેકટર-૭ની જમીન થોડી નીચી ધસી ગઈ છે - એક પણ ઘર દેખાઈ નથી રહ્યાં - બધું જ પાણીમાં ડૂબી ગયું છે તે માત્ર ટાવર-કલોકની ઘડિયાળનો હિસ્સો જ બહાર છે - અને એ રસ્તો જયાંથી તમે રોજ સાંજે શાકભાજી લેતા જતાં હતાં એનું નામોનિશાન નથી. સેકટર-૬માં આગ - સેકટર-૭માં વરસાદ બધું જાણે ભૂગોળનાં નિયમોની વિરૂધ્ધ થઈ રહ્યું હતું. તમે ફટાફટ આગળ વધ્યાં અને ઘ-૪ પાસે તમારી આંખો (ફરી!) ફાટી ગઈ - થોડા સમય પહેલાં જયાં તમે રાત્રે ગપ્પા મારવા બેસતાં હતાં ત્યાં એક મોટો જવાળામુખી ફાટી નીકળ્યો હતો અને ગરમ લાલ - ધગધગતો લાવારસ સચિવાલય અને મહાત્મા મંદિર તરફ વહી રહ્યો હતો - ગઈકાલ સુધી જયાં સેન્ટ્રલ વિસ્ટાની લીલોતરી હતી ત્યાં આજે ધગધગતો લાલ રંગ હતો. તમે સચિવાલયની દિશામાં નજર દોડાવી - એ બ્લૉક તરફ જયાં તમારી ઓફિસ છે - તમારૂં હૃદય એક ધડકન ચૂકી ગયું - સચિવાલયનું નામોનિશાન હતું જ નહીં અને તમને સપાટ ક્ષિતિજ દેખાતી હતી - જેની પર પાસાદાર ચમકતાં બરફ વડે ઢંકાયેલાં કેટલાંક શિખરો પણ દેખાયા, પ્લેટ ટેકટોનિક્સ ગાંધીનગરની ભૂગોળ બદલી રહ્યું હતું. તમારે આગળ જવું હતું પણ જઈ ના શક્યા - બૂમો પાડવાની ઈચ્છા પણ તમને અવાજો સંભળાવા લાગ્યા - કાનને હમચમાવી દે તેવાં અવાજો - ભયાનક, ચિત્કારો જેવા.. બીભત્સ અવાજો.

તમે ઊઠી ગયા. પરસેવે રેબઝેબ, અલાર્મ બંધ કર્યું. ઘડિયાલમાં જોયું પોણા સાત થયા છે. મોબાઈલમાં ફૂલ નેટવર્ક છે અને તારીખ છે ૨૧, ડિસેમ્બર, ૨૦૧૨. તમે બહાર ગયા - છાપુ લીધું, રબર ઊતાર્યુ અને ફરીથી 'ધ કૉફી હાઉસ'નો આ લેખ વાંચવાની શરૂઆત કરી...

●●●

બોલો! કયા ખ્યાલ હૈ જનાબ આપ કા...

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૧મી ડિસેમ્બર

- હિન્દી સાહિત્ય શિરોમણી પંડિત મહાવીર પ્રસાદ દ્વિવેદીની પુણ્યતિથિ. જીવનભર સાહિત્યસાધક રહ્યા સરસ્વતી માસિક શરૂ કરેલું.
- ૧૯૭૨માં નોબેલ પારિતોષિક મેળવનાર, જર્મન સાહિત્યમાં અગ્રગણ્ય - અનોખું સ્થાન ધરાવનાર 'ધી લાસ્ટ ઓનર ઓફ કેથરિના બ્લૂમ' નોવેલમાં આધુનિક પત્રકારિત્વની વૃત્તિઓ પર પ્રહાર કરનારા સાહિત્ય સર્જક હોશ્રિક બોલની જન્મતિથિ - ૧૯૧૭.
- ૧૯૦૧ - નોર્વેમાં સ્ત્રીઓને મતાધિકાર.
- ૧૯૦૨ - એટલાંટિક સમુદ્રની પેલે પાર સૌ પ્રથમવાર તાર દ્વારા સંદેશો પહોંચ્યો.



- ૧૮૭૯ - વિશ્વમાં પોલાદી પુરૂષ - રશિયાના સ્ટાલીનનો જન્મ.
- ૧૮૨૯ - મૂંગી-બહેરી-આંધળી છતાંય સિવણ-ગૂંથણ શિક્ષણમાં વિશ્વક્ષેત્રે ખ્યાતિ મેળવનાર બોરા બ્રિજમેનનો હોનોવર (જર્મની)માં જન્મ.

# ડો. મોનિકા શાહને રાજય સરકારે કયા પુરસ્કારથી નવાજ્યા છે?

### વિષય : ગુજરાતમાં મહિલાઓનો ફાળો (ડો. મોનીકા શાહ)

(૧) ડૉ. મોનિકા શાહના ગુરૂમા તરીકે કોણે પોતાનું યોગદાન આપ્યું છે?
(અ) ડૉ. પ્રદિપ્તા ગાંગુલી (બ) ડૉ. પ્રભુતા ગાંગુલી
(ક) ડૉ. પ્રવિણા આચાર્ય (ડ) ડૉ. પ્રાર્થના આચાર્ય
(૨) ડૉ. મોનિકા શાહ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલાં છે?
(અ) શિક્ષણ (બ) સમાજસેવા (ક) અભિનય (ડ) શાસ્ત્રીય સંગીત
(૩) ડૉ. મોનિકા શાહે શાળાકીય કઇ વિદ્યાલયમાં કર્યો છે?
(અ) એન. એન. વિદ્યાલય (બ) સી. એન. વિદ્યાલય
(ક) એસ.જી. વિદ્યાલય (ડ) નૂતન વિદ્યાલય
(૪) ડૉ. મોનિકા શાહના માતાનું નામ શું?
(અ) વંદનાબહેન (બ) લીલાબહેન (ક) રાધાબહેન (ડ) કલાબહેન
(૫) ડૉ. મોનિકા શાહને રાજય સરકારે કયા પુરસ્કારથી નવાજ્યા છે?
(અ) ગૌરવ પુરસ્કાર (બ) શ્રેષ્ઠ સંગીત પુરસ્કાર
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એક પણ નહીં
(૬) ડૉ. મોનિકા શાહના માતા કલાબહેન એ શામાં પારંગત છે?
(અ) બંસરી વાદન (બ) તબલા વાદન
(ક) સિતાર વાદન (ડ) ઉપરોક્ત એકપણ નહીં
(૭) ડૉ. મોનિકા શાહના પુત્રનું નામ શું છે?
(અ) અશ્વિન (બ) ઋષભ (ક) મલ્હાર (ડ) સંત
(૮) ડૉ. મોનિકા શાહે સંગીતની પ્રાથમિક તાલીમ કોની પાસેથી મેળવી?
(અ) બાબુભાઈ ગુપ્તા (બ) આકાશ મહેતા
(ક) લાલજીભાઈ ચૌહાણ (ડ) અજીતભાઈ પટેલ
(૯) ડૉ. મોનિકા શાહના પિતાનું નામ શું છે?
(અ) લાલજીભાઈ શાહ (બ) ચંદ્રકાન્તભાઈ શાહ
(ક) પારસભાઈ શાહ (ડ) નિલેષભાઈ શાહ
(૧૦) ડૉ. મોનિકા શાહના લગ્ન કેટલી ઉંમરે કરી દેવામાં આવ્યાં હતા?
(અ) ૨૨ વર્ષ (બ) ૧૮ વર્ષ
(ક) ૨૫ વર્ષ (ડ) ૨૦ વર્ષ
(૧૧) ડૉ. મોનિકા શાહના પતિનું નામ શું છે?
(અ) અજયભાઈ શાહ (બ) રાજીવ શાહ
(ક) હિતેનભાઈ શાહ (ડ) આકાશ શાહ
(૧૨) ડૉ. મોનિકા શાહના પિતા ચંદ્રકાન્તભાઈ શાહ કયા વ્યવસાય સાથે સંકળાયેલાં છે?
(અ) સિરામિક ઈન્ડ્રસ્ટ્રિયાલિસ્ટ (બ) ડૉકટર
(ક) એન્જિનિયર (ડ) શિક્ષક
(૧૩) ડૉ. મોનિકા શાહને ૨૦૦૧માં પ્રવીણ (પી.એમ.ડી.)ની પદવી કયા ચંદ્રક સાથે મળી હતી?
(અ) સુવર્ણ ચંદ્રક (બ) રજત ચંદ્રક (ક) કાસાંનો ચંદ્રક (ડ) શિક્ષક
(૧૪) ડૉ. મોનિકા શાહે ભરતનાટ્યમ્ની તાલીમ કયા નૃત્યાંગના પાસેથી લીધી છે?
(અ) મલ્લિકા સારાભાઈ (બ) ઈલાબહેન દવે
(ક) ઈલાક્ષીબહેન (ડ) આશાબેન પરીખ
(૧૫) ડૉ. મોનિકા શાહે ૨૦૦૭ના ઓગસ્ટ મહિનાના કાર્યક્રમમાં કયો રાગ પ્રસ્તુત કર્યો હતો?
(અ) મલ્હાર (બ) દિપક રાગ
(ક) મેઘ રાગ (ડ) ભૈરવી રાગ




### ● વિવિધા ●

**વિષય :- મહત્ત્વની ટ્રેનો**

- મિનાર એક્સપ્રેસ : **સિકંદરાબાદ-મુંબઇ**
- કાંચનજંગા એક્સપ્રેસ : **હાવડા-ગુવાહાટી**
- પ્રયાગરાજ એક્સપ્રેસ : **દિલ્હી-અલ્હાબાદ**
- ગૌમતી એક્સપ્રેસ : **દિલ્હી-લખનૌ**
- મારવાડ એક્સપ્રેસ : **અમદાવાદ-જોધપુર**
- તાજ એક્સપ્રેસ : **દિલ્હી-ગ્વાલિયર**
- પીંક સીટી એક્સપ્રેસ : **દિલ્હી-જયપુર**
- શતાબ્દી : **દિલ્હી-ભોપાલ**
- કોચી-ગુહાવાટી : **કોચી-ગુવાહાટી**
- ગુવાહાટી-ત્રિવેન્દ્રમ્ એક્સપ્રેસ : **ગુવાહાટી-તિરૂવનંતપુરમ્**
- નિલાંચલ એક્સપ્રેસ : **પુરી-દિલ્હી**
- સૌરાષ્ટ્ર મેલ : **મુંબઇ-ઓખા**
- ઓગષ્ટ ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ : **દિલ્હી-મુંબઇ**
- જયંતિ જનતા : **મુંબઇ-કન્યાકુમારી**
- સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ : **મુંબઇ-જામનગર**
- પારસનાથ એક્સપ્રેસ : **અમદાવાદ-જામનગર**
- દ્વારિકા એક્સપ્રેસ : **ઓખા-ગુવાહાટી**

### ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - તાજેતરમાં ભારતના કયા ભૂતપૂર્વ વડાપ્રધાનનું અવસાન થયું?
જવાબ - શ્રી આઈ.કે. ગુજરાલ

### સાચો જવાબ આપનાર પત્ર મિત્રો :-

(૧) મુળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મહેશબાઈ એમ. જાદવ : સે-૩૦
(૪) પટેલ રૂચિત એ. : સે-૨૯
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) પટેલ આકાશ જી. : સે-૨૩

### પૂછું એક સવાલ...?

(૧) વિશાલ બી. પટેલ : સે-૨૮થી
પ્રશ્ન - ભારતની કઈ ટ્રેન સૌથી લાંબા અંતરની ટ્રેન છે?
જવાબ - હિમસાગર એક્સપ્રેસ - જમ્મુથી કન્યાકુમારી - ૩૭૨૬ કિ.મી.
(૨) તન્મય એલ. જોષી : સે-૨૦થી
પ્રશ્ન - સુસ્મિતાસેનને કયાં વર્ષે મિસ યુનિવર્સિટીનો તાજ મેળવ્યો હતો?
જવાબ - ૧૯૯૪માં
(૩) પટેલ પિન્કલ એચ. : સે-૪થી
પ્રશ્ન - પૃથ્વી પરના મહાસાગરોની સરેરાશ ઊંડાઈ કેટલી છે?
જવાબ - ૩૮૧૦ કિ.મી.
(૪) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - જાપાનનું ટોકિયો શહેર કંઈ નદી કિનારે આવેલું છે?
જવાબ - સુમીદ

(અનુસંધાન પાના નં. ૬ પર)

### કાઝી જેવો બાદશાહ

કેટલાક માણસોને એવી કુટેવ હોય કે બીજાને હેરાન કરીને જ રાજી થાય! એવા માણસ ચોરી કરે, લૂંટે, મારે ને ખૂન પણ કરી નાંખે! આવો અન્યાય સાંખી ના લેવાય.

ન્યાય મેળવવા ન્યાયાલયમાં જવું પડે. ન્યાયાધીશ બંને પક્ષોની વાત સાંભળે, ઝીણવટથી વિચાર કરે અને છેવટે ન્યાય આપે. ગુનેગારને સજા કરે.

બાદશાહોના રાજમાં ન્યાયાધીશને કાઝી કહેવાતા. એવા એક કાઝી પાસે એક જુવાનને પકડીને સિપાહીઓએ રજૂ કર્યો. એ જુવાને ભરબપોરે કોઇનું ખૂન કરી નાખ્યું હતું.




કાઝી પાસે એ જુવાન તો વટભેર ઊભો રહ્યો. એને એમ કે મને તો સજા થવાની જ નથી. મને સજા કરવાની કાઝીમાં હિંમત જ ના હોય, કેમ કે હું તો બાદશાહનો જમાઇ છું. મને વળી કાઝીનો જર કેવો?

પણ કાઝીએ તો ફેંસલો આપી દીધો. ખૂની સજા મોતની!

જુવાન જમાઇ તો સમસી ગયો, પણ એને ખાતરી હતી કે ફાંસીના ફંદામાંથી તો બચી જ જવાશે. બાદશાહ અહમદ શાહ તો મારા સસરાં છે. પોતાની વહાલી દીકરીને એ થોડાં કંઇ વિધવા થવા દેશે?

કાઝીએ ફેંસલાનો કાગળ બાદશાહને મોકલાવ્ય. બાદશાહ કાગળ પર સહી કરે તો જ સજાનો અમલ થાય.

બાદશાહે કાઝીને ફેંસલો ધ્યાનથી વાંચ્યો. તેમાં ચોખ્ખું લખ્યું હતું કે, ભરબપોરે ભરબજારે ખૂન કરનાર ખૂનીને તો ફાંસીની જ સજા થવી જોઇએ.

બાદશાહ ઘડીભર વિચારમાં પડી ગયા. એકબાજુ વહાલી દીકરી બીજી બાજુ ન્યાયની પવિત્રતા. બાદશાહે ન્યાયની આગળ માથુ ઝૂકાવ્યું અને કાઝીના ફેંસલા પર મહોર લગાવી દીધી. અને સાચો ન્યાય કરવા માટે કાઝીને શાબાશી આપી.

એ ન્યાયપ્રેમી બાદશાહ ને ઓળખ્યા તમે? એ હતા અહમદશાહ - જેમમે આજનું અમદાવાદ વસાવ્યું હતું.

### આંકડા જોડીને શોધો

**આ લોકો કોને જોઇ રહ્યાં છે ?**

પાણીના હોજની કિનાર ઉપર ત્રણ જણ ઊભાં છે, એમને પાણીમાં કશુંક દેખાય છે. ત્રણે જણ રસથી જુએ છે. પણ એમને શું દેખાય છે, એ જાણવા માટે ૧ થી ૧૪ સુધીનાં ટપકાં જોડવા પડશે.




### બાળ મિત્રો,

''પર્વત ગમે તેટલો ઊંચો હોય
પણ પર્વત પર ચડ્યા પછી તો
માણસ જ ઊંચો હોય છે.''

- ઘણાં કામ આપણને ખૂબ અઘરાં લાગે છે. આપણે હિંમત હારી જઈએ અને વિચારીએ કે આ કામ પાર પાડવું અઘરૂં છે અને આપણે એ કામ શરૂ કરતા નથી.

ધારો કે તમે નક્કી કર્યું હોય કે ખૂબ સારા માર્કસ મેળવી પાસ થવું અથવા રમતગમતમાં આગળ વધવું, આ બંને વાતમાં ખૂબ મહેનત અને નિયમિત પ્રેક્ટિસની જરૂર હોય છે. થોડો સમય અઘરૂં લાગે પણ સમય જતાં મગજ અને શરીર ટેવાઈ જાય પછી બધું સહેલું લાગવા માંડે છે. અને છેવટે સફળતા મળે છે. ધાર્યું પરિણામ મળે છે. એટલે કે જે વાત શરૂઆતમાં મુશ્કેલ હતી તે સાચી લગનની મહેનત કરવામાં આવે તો સહેલું બની જાય છે. અને આપણે પરીક્ષામાં સારો દેખાવ કરી શકીએ છીએ - કે મનગમતી રમતમાં ઝળહળતો દેખાવ કરી શકીએ છીએ.

### ઓળખો ગુજરાતને

(૧) ભારતમાં પ્રથમ વિશાળ આઈમેક્સ 3D થિયેટર ગુજરાતના કયા સ્થળે આવેલું છે? - સાયન્સ સિટી, અમદાવાદ
(૨) ૧લીમે ના રોજ ગુજરાત રાજયનું ઉદ્ઘાટન કયા સ્થળે કરવામાં આવેલ? - સાબરમતી આશ્રમમાં
(૩) ગુજરાતનું મોટું યુરિયા ખાતરનું કારખાનું કયું છે? - ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર
(૪) સાબરમતી આશ્રમમાં ગાંધીજી જયાં રહેતા હતા તે સ્થળને કયા નામથી ઓળખવામાં આવે છે? - હૃદયકુંજ
(૫) ભારતના સૌથી મોટા ઔદ્યોગિક સામ્રાજયના સ્થાપક ધીરૂભાઈ અંબાણીનું વર્તન કયું છે? - ચોરવાડ
(૬) ડિટરજન્ટ પાવડરના ક્ષેત્રમાં હિન્દુસ્તાન લીવર જેવી બહુરાષ્ટ્રીય કંપનીને મહાત કરનાર ગુજરાતી કંપનીનું નામ આપો. - નિરમા લિમિટેડ
(૭) ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયાં આવેલો છે? - ગિરનારની તળેટી - જૂનાગઢ